GJJM020040782020

**ફોજદારી કેસ નં. ૩૧૧૯/૨૦૨૦**

**:- આંક-૦૧ લગત હુકમ :-**

આ કામે ફરીયાદી ધ્વારા આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે ફરીયાદ દાખલ કરતાં આ કામના આરોપી વિરૂધ્ધ પ્રોસેસ ઇશ્યું કરતાં આરોપીને આજદિન સુધી પ્રોસેસ ની અસરકારક બજવણી થયેલ નથી. વધુમાં આરોપીને ઇસ્યુ કરેલ પ્રોસેસ આરોપી જણાવેલ સરનામે રહેતાં ન હોવાના શેરા સાથે પરત ફરેલ છે. વધુમાં રેકર્ડ જોતા કેસ ઘણો જુનો (ટાર્ગેટેડ) છે અને ફરીયાદી તથા ફરીયાદીના વિ.વ.શ્રી અદાલત સમક્ષ હાજર રહી આરોપીને પ્રોસેસની બજવણી માટે કોઇ રસ દાખવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આરોપીને પ્રોસેસ હાથોહાથ આપવા માટે વિનંતી કરતાં સદર અરજી આ અદાલત દ્વારા મંજુર કરવામાં આવેલ પરંતુ ત્યારબાદ આરોપીને પ્રોસેસની બજવણી સંબંધીત શું કાર્યવાહી કરવામાં આવેલ તેનો કોઇ રીપોર્ટ અદાલત સમક્ષ રજુ કરેલ નથી. આજરોજ ફરીયાદીની વારંવાર પોકાર કરવા છતાં ફરીયાદી પોતે જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે આરોપીને પ્રોસેસ ની બજવણી માટે કોઇ કાર્યવાહી કરેલ નથી. આ સંજોગોમાં ફરીયાદીને હાલની ફરીયાદ આગળ ચલાવવામાં કોઇ રસ હોય તેવું જણાતું ન હોય, ફોજદારી કાર્યરીતિ સંહિતા-૧૯૭૩ ની કલમ-૨૫૬ માં કરવામાં આવેલ જોગવાઇ ધ્યાને લેતાં હાલની ફરીયાદ આગળ ચલાવવી ન્યાયોચીત જણાતું ન હોય, ફરીયાદીની ફરીયાદ તેના કસુરના કારણે રદ યાને (ડીસમીસ ફોર ડીફોલ્ટ) કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૯ ના રોજ, માહે- મે, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

જામનગર
તા.૨૯/૦૫/૨૦૨૬

**(ભાસ્કરકુમાર રામેશ્વરપ્રસાદ દવે)**
બીજા એડી. સીની. સિવિલ જજ
અને એડી. ચીફ જયુડી. મેજી.
જામનગર.

(DIRECT)
KGJ

**CODE NO.GJ 01073**